ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૪-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### બેજવાબદાર વિધાનોનો રાફડો

ચૂંટણીપર્વ એનાં મધ્યાંતરે પહોંચ્યું છે ત્યારે કેટલાક વધુ પડતા ઉત્સાહી આગેવાનો પ્રજાને બહેકાવવા માટે બીનજરૂરી વિધાનો કરી ચૂંટણીનો માહોલ બગાડી રહ્યા છે. આઝમખાને કરેલ વિધાનો ચૂંટણીપંચને વાંધાજનક લાગતાં એમના પર સભાઓ અને રોડ શો કરવા મુદ્દે કડક પ્રતિબંધ લદાયો હોવા છતાં તેઓ સતત ચૂંટણી પંચને પડકારતા રહ્યા છે. અમિત શાહે પોતાની ભૂલ સ્વીકારી લીધી અને ચૂંટણીપંચ સમક્ષ માફી માગી લીધી, પરંતુ આઝમખાન નમતું જોખવા તૈયાર નથી. એમણે મોદી વિરૂદ્ધ અત્યંત અપમાનજનક ભાષા વાપરવા ઉપરાંત કારગિલ વિજયમાં મુસલમાન સૈનિકોએ જ શહીદી વહોરીને નિર્ણાયક ભૂમિકા ભજવી હોવાનું વિધાન કર્યું હતું જે ભારતીય સેનાના મનોબળને અને એમાં પ્રવર્તતી ધર્મનિરપેક્ષ રાષ્ટ્રીયતા માટે ખતરા સમાન ગણાય. આઝમખાન આ મુદ્દે આજ પર્યંત પોતાની હઠ પર મક્કમ છે. તેઓ ચૂંટણીપંચ વિશે એલફેલ બોલવા લાગ્યા છે અને એની વિશ્વસનીયતા વિશે પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એ જ રીતે ભાજપના ઝુઝારું બિહારી નેતા ગિરિરાજસિંહે મોદી વિરૂદ્ધ પ્રચાર કરનારાઓની માનસિકતા વિશે વાંધાજનક વિધાનો કરી એમનું સ્થાન પાકિસ્તાનમાં હોવાનું આત્યંતિક અને નિંદનીય વિધાન કર્યું છે. આ વિધાન સામે ફરત કોંગ્રેસ પાર્ટીએ જ નહીં બલકે એમના પ્રાદેશિક નેતાઓએ વાંધો ઉઠાવ્યો છે. સુશીલ મોદીએ એમના નિવેદન સાથે ભાજપને લેવાદેવા નહીં હોવાની સ્પષ્ટતા કરવી પડી છે. દેશની લોકશાહી સામે આવાં આત્યંતિક વિધાનો મોટા પ્રશ્નાર્થ ઊભા કરે છે. મુસ્લિમોની નિર્ણાયક મતદાર સંખ્યા ધરાવતા બિહારમાં આ પ્રકારની વાત કરનાર ભાજપના હિન્દુત્વવાદી નેતા દ્વારા કરાયેલા આત્યંતિક નિવેદન ઘણું કમનશીબ છે. દેશ પર દેશના તમામ નાગરિકોનો સમાન અધિકાર છે અને તેઓની વિરૂદ્ધ વાત કરનાર કે એમને આ દેશના પાડોશી મુલક પ્રત્યે વધારે લગાવ હોવાની વાત કરનાર કોઈ પણ નેતા દેશની એકતા અને અખંડિતતાનો દ્રોહ કરે છે. કોંગ્રેસ ગિરિરાજસિંહના નિવેદન વિરૂદ્ધ ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરી છે, પરંતુ કદાચ ન કરી હોય તો પણ આવા બેફામ ઉચ્ચારણો કરી સૌહાર્દનું અને ધર્મનિરપેક્ષતાનું વાતાવરણ બગાડનાર સામે ચૂંટણીપંચે પગલાં લેવા જ જોઈએ.

# યોગ્ય સુવિધાઓ ઉભી નહીં કરનાર કોલેજોને દંડ કરાશે

## હાલ ૪૮૬ કોલેજો પૈકીની મોટાભાગની કોલેજોમાં મોટા પ્રમાણમાં શૈક્ષણિક અને માળખાકીય સુવિધાઓ ઓછી

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની કોલેજોમાં યુજીસી ગાઈડ લાઈન મુજબ શૈક્ષણિક માળખાકીય સવલતો છે કે નહીં? તેની ચકાસણીના ભાગરૂપે ૧૫મી માર્ચથી એક મહિના માટે ઈન્સ્પેક્શનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત જીટીયુની વિવિધ વિદ્યાશાખા ઈજનેરી, ફાર્મસી, એમબીએસ, એમસીએની ૪૮૬ કોલેજો પૈકીની મોટાભાગની કોલેજોમાં મોટા પ્રમાણમાં શૈક્ષણિક-માળખાકીય અપૂરતી સવલત છે તે કોલેજોને જીટીયુ દ્વારા આગામી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા પુરતી શૈક્ષણિક કે માળખાકીય સવલતો વિકસાવી લેવા માટે જીટીયુ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાની ૪૮૬ કોલેજોમાં શૈક્ષણિક-માળખાકીય સવલતો છે કે નહીં ? તેની ચકાસણી માટે ઈન્સ્પેકશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઈન્સ્પેકશનમાં જીટીયુ સાથે જોડાણ ધરાવતી ઈજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએની ૪૮૬ કોલેજો પૈકીની મોટાભાગની કોલેજોમાં મોટાભાગની કોલેજોમાં મોટા પ્રમાણમાં શૈક્ષણિક માળખાકીય સવલતોની ખામીઓ સામે આવી છે. જેના પગલે જે કોલેજોમાં શૈક્ષણિક કે માળખાકીય અપૂરતી સવલત છે તે કોલેજોને જીટીયુ દ્વારા આગમી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા પૂરતી શૈક્ષણિક કે માળખાકીય સવલતો વિકસાવી લેવા માટે જીટીયુ દ્વારા તાકીદ કરવામાં આવી છે. અને સત્તાવાળાઓના આદેશ છતાં પણ કોલેજોમાં નિયત ધારાધોરણ મુજબ સવલતો ઉપલબ્ધ ન કરાવનાર કોલેજોમાં અપૂરતી સવલતોના હિસાબે રૂપિયા પાંચ લાખથી ૫૦ લાખ સુધીનો આકરો દંડ ફટકારવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત આવશ્યકતા જણાશે તો કોલેજોમાં બેઠકો ઘટાડાથી માંડીને માન્યતા રદ કરવા સુધીના પગલા ભરવાનું ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા વિવિધ વિદ્યાશાખાની આશરે ૩૦ જેટલી નવી કોલેજો માટે અરજી કરાઈ હોવાથી આ કોલેજોમાં પણ નિયમ મુજબ સવલતો છે કે તેની ચકાસણી પણ આ ઈનસ્પેકશન અંતર્ગત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે અપૂરતી સવલતો ધરાવતી અને યુજીસીની ગાઈડ લાઈન મુજબ સવલત ધરાવતી કોલેજોની સામે આર્થિક દંડ કરવાથી માંડી, કોલેજોમાં બેઠકો રદ કરવાથી લઈને કોલેજોની માન્યતા રદ કરવા સુધીના પગલા ભરાય તેવી શક્યતા છે.



રમકડાં અને વીડીયો ગેમ રમતા બાળકોની સરખામણીમાં આ ગરીબ બાળકનું સમકડું કેવું અને કોણ રમનાર છે તેની સાથે...? (તસવીર : કશ્યપ નિમાવત)

### હરિની દૃષ્ટિ...



તમારે મને જ ચૂંટવો જોઇએ તેનું છેલ્લું કારણ આપી દઉ, આ એપ્રિલમાં વાદળમાં ગડગડાટી સાંભળી હતી કોઇ દિવસ...?!?

### સમર કુલ કલેકશનનાં પ્રદર્શન દ્વારા જેસીઆઈનું નવું નજરાણું

ગાંધીનગર, તા.૨૦

ડ્રેસીંગ સેન્સ જેનામાં હોય એ દરેક ઠેકાણે છવાઈ જતો હોય છે, જેવો પ્રસંગ, જેવી જગ્યા એવું ધ્યાને રાખીને કપડાં પહેરવાની પસંદગી કરીએ તો આગવી ઓળખ ઉભી થતી હોય છે.

ઉનાળાની સિઝનમાં કુલ કલૉથ કલેકશનનો પ્રદર્શન દ્વારા નહીં નફો નહીં નુકસાનના ધોરણે જેસીઆઈએ દિનાંક ૨૨ થી ૨૪ એપ્રિલ દરમિયાન પ્લોટ નં. ૪૭૭, ગાયત્રી સોસાયટી સે-૨૭ ખાતે ભવ્ય આયોજન કર્યું છે. આ પ્રદર્શન કમ વચાણ રોજ સવારે ૧૦ થી સાંજના ૭ સુધી ખુલ્લુ રહેશે.

સમર કલેકશનમાં લેગીંગન્સ, જેગીંગ, ડ્રેસ મટીરીયલ અને કુર્તા જેવી વિવિધ વિશાળ શ્રેણી અને ખિસ્સાને પોસાય જોતાં વેંત ગમી જાય એવી ડિઝાઈન્સનું કલેકશન છે. ગાંધીનગરની જાહેર જનતા માટે આ ખુલ્લું આમંત્રણ છે. આ સમગ્ર મહિલા ડ્રેસ માટેનાં કાર્યક્રમનું આયોજન મિતાલી ત્રિવેદી, ફાલ્ગુની ભાવસાર અને લતા શુકલ ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે એવું જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસારે જણાવ્યું છે.

### ભારતીય લોકતંત્રની શુદ્ધતા માટે ૧૦૦% નોટા જરૂરી છે

**ચેતનાનો સમય**
**- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

ભારતના ચૂંટણીપંચે બુદ્ધિપૂર્વક કોથળામાં પાંચશેરી મારતું નોટા બટન જાગ્રાત મતદાતાઓ માટે વિકસાવ્યું છે. મતદારને એમ લાગે કે કોઇ પણ ઉમેદવાર પોતાનો અમૂલ્ય મત આપવાને લાયક નથી તો તે નોટા બટન દબાવીને પોતાનો વિરોધ દર્શાવતો મત આપીને લોકતંત્રની શુદ્ધતા માટે પ્રયત્ન કરી શકે છે. નોટા એટલે નન ઓફ ધી એબોવ. અર્થાત્ મતદાન માટેના ઇલેક્ટ્રોનીક યંત્રમાં દર્શાવેલો વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો અને એમાંથી ઉમેદવારમાંથી કોઇ પણ ઉમેદવાર ભારતીય લોકતંત્રમાં ચૂંટાવાને લાયક નથી. દેશમાં જયારે પણ ધર્મ, જાતિ, જ્ઞાતિ, પૈસો, બાવડાના બળના આધાર વગર દેશનો ૧૦૦% મતદાર મત આપશે ત્યારે જ લોકતંત્ર શુદ્ધ અણિશુદ્ધ બની શકશે. મતદારોમાં જાગૃતિ લાવવા અને ધર્મ, જાતિ, જ્ઞાતિ, પૈસો, બાવડાના બળના આધાર વગર મતદારો નિષ્પક્ષ રીતે, નિર્ભય રીતે મજબુરી વગર મતદાન કરી શકે તે માટે નોટા એક એવું શસ્ત્ર છે કે જેનાથી મતદારો અયોગ્ય ઉમેદવારને લોકતંત્રમાં પ્રવેશતો અટકાવી શકે છે. પક્ષીય લોકતંત્રમાં વિવિધ રાજકીય પક્ષોની સાન ઠેકાણે લાવવા નોટા એક અમોઘ શસ્ત્ર છે. આ વખતની લોકસભાની ચૂંટણી ટાણે મતદારો પોતાનો નિષ્પક્ષ, નિર્ભય, સ્વતંત્ર રીતે કોઇ પણ પ્રકારની મજબુરી વગર ધર્મ, જાતિ, જ્ઞાતિના લાગણીના પ્રવાહમાં તણાયા વગર, મની અને મસલ્સ પાવરથી ડર્યા વગર કે તેના મોહમાં ફસાયા વગર મત આપશે ત્યારે જ લોકતંત્ર શુદ્ધ બનશે અને લોકતંત્રમાં શુદ્ધતા લાવવા માટેનો નોટા એક બુદ્ધિપૂર્વકનો પ્રસાય છે. મતદારોએ નોટા બટનના ઉમદા હેતુને સમજવો પડશે. આ વખતની ચૂંટણીમાં જે જે લોકો મતદાન આપવાની દૂર ભાગે છે તેમાંના મોટા ભાગના મતદારો ઘેર બેઠા પોતે જ નોટાનો ઉપયોગ કરે છે તેના બદલે આવા મતદારોએ હવે ઘરમાંથી બહાર નીકળીને એક આદર્શ નાગરીક તરીકેની ફરજ બનાવવા અને લોકતંત્રમાંથી ગંદકી દૂર કરવા મત આપવા મતદાન મથકે જઇને નોટા બટન દબાવીને પોતાનો મત વ્યક્ત કરવો પડશે. રાજકીય પક્ષો માટે નોટા બટન એક શરમજનક બાબત ગણાવી શકાય અને તેઓની બુદ્ધિ ઠેકાણે લાવવાનો ચૂંટણીપંચનો ઉમદા પ્રયાસ ગણાવી શકાય. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તો તેણે સહુ પ્રથમ તો લોકતંત્રમાં સાફસૂફી કરવી પડશે અને તે માટે શરૂઆત પોતાના જ પક્ષથી કરવી પડશે અને પોતાના પક્ષમાં એવા કોઇ પણ ઉમેદવાર નહિં રાખે કે જેને માટે મતદારોએ નોટા બટન દબાવીને મત આપવો પડે, મતદારોનો આ મેનીફેસ્ટો દરેક પક્ષે ધ્યાનમાં લેવાનો સમય આવી ગયો છે.

# ધોરણ-૧૦ની હજુ સુધી ૫૫ લાખ ઉત્તરવહીની ચકાસણી

## ૧૦ લાખ ઉત્તરવહીની ચકાસણી હજુય બાકી : પરીક્ષાના પરિણામને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તર્ક-વિતર્ક

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલમાં રાજ્યભરના ધોરણ-૧૦ના ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ અને તેમણે વિવિધ વિષયોની લખેલી ૬૫ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસવાની ચાલી રહેલી કામગીરીમાં પેપર તપાસવાની કામગીરીમાં સંકળાયેલા શિક્ષકોએ ૫૫ લાખ જેટલી ઉત્તરવહી તપાસી લીધી છે. હવે માત્ર ૧૦ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસવાની બાકી છે, જે એક સપ્તાહમાં પૂર્ણ કરવાની બોર્ડની ગણતરી છે. ૧૩મી માર્ચથી શરૂ થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતાં જ ધોરણ-૧૦ના ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોની લખેલી ૬૫ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી માર્ચથી રાજ્યના ૧૦૭ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર પર તપાસવાની કામગીરી હાથ ધરાઈ હતી. ૨૦મી માર્ચથી રાજ્યના ૧૦૭ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર પર ધોરણ-૧૦ના જુદા-જુદા વિષયોના ૨૦ હજાર જેટલા નિષ્ણાંત શિક્ષકો દ્વારા હાથ ઉત્તરવહીઓ તપાસવાની હાથ ધરાયેલી કામગીરીમાં શિક્ષકોએ ૨૫ દિવસમાં જ ૫૫ લાખ જેટલી ઉત્તરવહીઓ તપાસી લીધી છે. હવે માત્ર ૧૦ જેટલી જ ઉત્તરવહીઓ તપાસવાની બાકી છે. આ કામગીરી પણ બોર્ડ આવનાર છ-સાત દિવસમાં પૂર્ણ કરવા માંગે છે. ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી પૂર્ણ થતાં જ બોર્ડ દ્વારા ઉત્તરવહીઓમાં વિદ્યાર્થીઓના મુકાયેલા વિષયના માર્કસ લઈને તેની ડેટા એન્ટ્રીનું કામ હાથ ધરાશે. વિદ્યાર્થીઓની બેઠક નંબર તથા નામને મેચ કરીને વિદ્યાર્થીઓએ વિષય દીઠ મેળવેલા માર્કસની એન્ટ્રી કરાશે. ડેટા એન્ટ્રી થયા બાદ માર્કશીટ તૈયાર કરવાનું કામ હાથ ધરાશે. ધોરણ-૧૦ના ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની પૂર્ણ થયેલી કામગીરી અંગે બોર્ડના ઓએસડી એમ.એમ. પઠાણે જણાવ્યું હતું કે, ઉત્તરવહીઓ તપાસવાની હાથ ધરાયેલી કામગીરીમાં ૫૫ લાખ જેટલી ઉત્તરવહીઓ અમે તપાસી લીધી છે. બાકીની ઉત્તરવહીઓ પણ વહેતી તકે તપાસીને ડેટા એન્ટ્રીનું કામ હાથ ધરશે.

### શહેરમાં પણ કન્યા શાળાની હાલત બેહાલ છે

કન્યા કેળવણીની વાતો કરતી ગુજરાત સરકાર શહેરમાં આવેલી સિધ્ધાર્થ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ માટે એક પણ કાર્ય કર્યું નથી. અમદાવાદના પોશ વિસ્તારમાં આવેલી સ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ છેલ્લા એક વર્ષથી રસ્તાઓ પર ભણી રહી છે. સરકારમાં કેટલીયવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં પણ સરકાર દ્વારા કોઈપણ પગલા લેવામાં આવ્યા નથી.આ સ્કુલ કોઈ ગામડાની નહીં પરંતુ ગુજરાતની આર્થિક રાજધાની ગણતા અમદાવાદ શહેરમાં આવેલા માણેકબાગ જેવા પોશ વિસ્તાર છે. શહેરમાં એક બાજુ વિદ્યાર્થીઓ સારામાં સારી સ્કુલોમાં શિક્ષણ મેળવી રહ્યા છે ત્યારે પોશ વિસ્તાર માણેકબાગમાં આવેલી સિધ્ધાર્થ ખુલ્લામાં બહાર બેસીને અભ્યાસ કરી રહ્યા છે.

આ સ્કુલને બંધ કરવા માટે સંચાલકો દ્વારા જાણી જોઈને તેને તોડી પાડવાનાં પણ પ્રયત્ન કરવામાં આવ્યા હતા. જેથી ત્યાં અન્ય બિલ્ડીંગ બનાવી શકાય. બેસીને અભ્યાસ કરી રહ્યા છે. સ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા કેટકેટલાય ધરણા ધરવામાં આવ્યા અને કેટલીયવાર સરકારમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું પરંતુ એક વર્ષ થવા આવ્યું છતાં પણ હાલ સુધીમાં કોઈપણ પ્રકારના પગલા લેવામાં આવ્યા નથી.

# સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા ત્રિ-દિવસીય વિશ્વ શાંતિ શિબિર યોજાઈ

## બોડીદ્રા બુઝર્ગમાં યોજાયેલી શિબિર દરમિયાન નૂતન સંસ્કાર કેન્દ્રનું ઉદઘાટન કરાયું

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મણિનગરના શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીના હસ્તે બોડીદ્રા બુઝર્ગ ખાતે નૂતન સંસ્કાર કેન્દ્રનુ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોડીદ્રા બુઝર્ગ ખાતે ત્રિદિવસીય વિશ્વ શાંતિ શિબિર પણ યોજવામાં આવી હતી.

બોડીદ્રા બુઝર્ગ ખાતે નૂતન સંસ્કાર કેન્દ્રના ઉદઘાટન અને ત્રિદિવસીય વિશ્વ શાંતિ શિબિરના પ્રારંભે મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પૂ. પુરુષોત્તમદાસજીએ તેમના પ્રેરક ઉદબોધનમાં ચોસઠ વર્ષ પૂર્વે શ્રી મુકતજીવન સ્વામીબાપાએ ઘોઘંબા તાલુકામાં શિક્ષણ તથા સત્સંગ સંસ્કારના શ્રી ગણેશ કરાવ્યા હતા તે



વાતના ઉલ્લેખ સાથે આજે આ વિસ્તારમાં હજારો લોકો શિક્ષિક બની સંસ્કાર મેળવી ચૂકયા છે તેનો આનંદ વ્યકત કર્યો હતો. તેમણે આમ સમાજના જીવન ઘડતર માટે આ વિસ્તારમાં રચનાત્મક કાર્યો કરી ભગીરથ કાર્ય ઉપરાંત વ્યસનમુકિત અભિયાન કેળવણીની ઝુંબેશ સાથે સાથે અંધશ્રધ્ધા નિવારણ વગેરે માનવહિતના અનેક યજ્ઞો ચાલી રહ્યાની માહિતી આપી હતી.

શ્રી સ્વામિનાયણ સંસ્થાન દ્વારા આ વિસ્તારના બહાદુર અને બાહોશ લડવૈયા ભીમસિંહભાઈએ અંગ્રજો સામે સ્વતંત્ર ભારત રાષ્ટ્રના નિર્માણ માટે પોતાનું બલિદાન આપ્યું હતું. તેમની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. આચાર્યે આ વિસ્તારના લોકોને રાષ્ટ્રની રક્ષા કાજે લશ્કરમાં જોડાવા માટે આહવાન કર્યું હતું. આ વિસ્તારના લોકો માટે તેમણે વિદેશ જવાના લાભો પણ ઉભા કર્યા હતા. બહેનો સ્વ નિર્ભર બની જીવન જીવી શકે તે માટે સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાહોદ-ગોધરા જિલ્લામાંથી હજારોની સંખ્યામાં લોકોએ આ વિશ્વ શાંતિ શિબિરમાં ભાગ લીધો હતો.

# આપણે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧ થી ૧૧ની માહિતી મેળવેલ હતી, હવે આ કાયદા અંતર્ગત મેજીસ્ટ્રેટને કઈ રીતે અરજી થઈ શકે તે અંગે જોઈએ

**મહિલા સમાજ અને કાયદો - અંક-૪૦**
**ડૉ. ભાવના કે. જોશીપુરા**

આપણે ગત્ અંકમાં બાળકો કાયદાના સંઘષમાં કઈ રીતે આવે છે અને કેવી સ્થિતિ ઉભી થાય છે તેની દ્રષ્ટાંત સાથે ચર્ચા કરી. આ પ્રકારના બાળકોને પણ સામાજીક કાર્યકર અને સ્વૈચ્છીક સંસ્થાઓના માધ્યમથી જીંદગીનો સાચો રસ્તો મળી જતો હોય છે. ઘણાં લાંબા સમયથી આપણે આ બાબતની ચર્ચા કરી રહયા હતા. ચાલો હવે આપણે મૂળ જે કાયદો સમજી રહયા હતા તે મહિલા અત્યાચાર સંદર્ભેની કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી મેળવી હતી.

આપણે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧ થી ૧૧ ની માહિતી મેળવેલ હતી, હવે આ કાયદા અંતર્ગત મેજીસ્ટ્રેટને કઈ રીતે અરજી થઈ શકે તે અંગે જોઈએ તો,

**ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૨ : મેજીસ્ટ્રેટને અરજી**

(૧) ભોગ બનનાર વ્યકિત, રઘાણ અધિકારી અથવા ભોગ બનનાર વ્યકિત વતી બીજી કોઈપણ વ્યકિત, આ કાયદા નીચે મળવાપાત્ર દાદ મેળવવા માટે મેજીસ્ટ્રેટ અરજી કરી શકે છે. આ કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે આવી અરજીનો હુકમ કરતા પહેલા મેજીસ્ટ્રેટ રઘાણ અધિકારી તથા સેવા પુરી પાડનાર સંસ્થાનો ઘરેલું બનાવ સંદર્ભેનો અહેવાલને વિચારણામાં લેવામાં આવશે.

(૨) આ કલમની પેટા કલમ-૧ માં જે મળવા પાત્ર દાદનો ઉલ્લેખ થયેલ છે તે રાહત દાદમાં ભોગ બનનાર વ્યકિત એ સામાપઘાકાર દ્વારા કરવામાં આવેલ ઘરેલું હિંસાને પરીણામ સ્વરૂપ ભોગ બનનાર વ્યકિતને થયેલ ઈજા, નુકશાન માટે વળતર હુકમનો સમાવેશ થાય છે.

આ કલમમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે, ભોગ બનનાર વ્યકિતના લાભમાં નામદાર કોર્ટે નુકશાન વળતર સંદર્ભે જે હુકમનામું કરેલ હોય તે હુકમનામા નીચે સામા પઘાકારે જો જેટલી પણ રકમ જમા કરાવેલ હોય તે રકમ સીવીલ પ્રોસીજર કોર્ડ ૧૯૦૮ માં આપેલ જોગવાઈઓને અસરકરતાં બન્યા સિવાય તે રકમ મજરે મળશે અને બાકી રહેતી રકમ માટે હુકમનામાની બજવણી થઈ શકે.

(૩) આ કલમની પેટા કલમ-૧ નીચે કરવામાં આવતી દરેક અરજી એ તેના સુનિશ્ચિત નિર્દીષ્ટ ફોર્મમાં હોવી જોઈએ.

(૪) મેજીસ્ટ્રેટ કોર્ટમાં અરજી દાખલ થયાની તારીખથી ત્રણ દિવસમાં જ કેસના હિયરીંગની તારીખ નકકી કરશે.

(૫) આ કલમની પેટા કલમ-૧ નીચે કરવામાં આવતી દરેક અરજીનો મેજીસ્ટ્રેટ હિયરીંગની તારીખથી ૬૦ દિવસમાં નિકાલ આવશે.

કલમનું વિવરણ :-

ભારતમાં સર્વસાધારણ રીતે એ પ્રકારની વ્યાપક ચર્ચા જોવા મળે છે જેની અંદર ખાસ કરીને અદાલતોમાં કામના ભારણને કારણે ન્યાય મળવામાં ખૂબજ વિલંબ થાય છે અને એ તો સર્વવિદિત છે કે 'ન્યાયનો વિલંબ તે ન્યાયનો ઈન્કાર છે' ને આ ઉકિતના સંબંધની અંદર એક અગત્યની જોગવાઈ અત્રે એવી કરવામાં આવી છે કે સઘામ મેજીસ્ટ્રેટની કોર્ટમાં અરજી દાખલ થયાના ત્રણ જ દિવસમાં તેની સુનાવણી હાથ ધરવામાં આવે તેમજ નિકાલ અર્થે પણ સમય મર્યાદા નકકી કરી દેવામાં આવેલ છે.

આ કામમાં ભોગ બનનાર વ્યકિતને ઘરેલું હિંસાને કારણે થયેલ નુકશાન માટે મળવા પાત્ર નુકશાન વળતર માટે આ કાયદા અંતર્ગત ભોગ બનનાર વ્યકિત રઘાણ અધિકારી તેમજ ભોગ બનનાર વ્યકિત વતી બીજી કોઈપણ વ્યકિત અરજી દાખલ કરી શકે છે. આ અરજીના નિકાલ વખતે મેજીસ્ટ્રેટ એ રઘાણ અધિકારી તેમજ સેવા પુરી પાડનારી સંસ્થાનો અહેવાલ ધ્યાનમાં લેશે. સામો પઘાકાર નામદાર કોર્ટે કરેલા હુકમનામા સંદર્ભે જેટલી રકમ જમા કરાવે તેટલી રકમ મજરે મળશે અને બાકી રહેલી રકમ સામે હુકમનામાની બજવણી થશે.

આ અરજી એ કેન્દ્ર સરકારે ઘડેલા નિયમો અંતર્ગત સુનિશ્ચત પત્રકમાં હોવી જોઈએ. અરજી દાખલ થયાની ત્રણ દિવસની અંદર નામદાર કોર્ટ દલીલની તારીખ નકકી કરશે અને પ્રથમ હિયરીંગના ૬૦ દિવસની અંદર આ અરજીનો નિકાલ કરવાનો રહેશે.

**કલમ-૧૩ નોટિસની બજવણી**

(૧) અરજીની નકકી થયેલ હીયરીંગની તારીખથી નોટિસની બજવણીનું કામ મેજીસ્ટ્રેટ રઘાણ અધિકારીને સોંપશે કે જે કાયદાની પ્રકિૃયામાં રહી સામાપઘાકારને મેજીસ્ટ્રેટને આદેશ અનુસાર વધુમાં વધુ બે દિવસમાં બજવણી કરશે. સિવાય કે થોડો વધારે વ્યાજબી સમયની નામદાર કોર્ટની નોટીસની બજવણી માટે પરવાનગી આપે.

(૨) રઘાણ અધિકારી દ્વારા નામદાર કોર્ટે નકકી કરેલા નિયમોને આધીન રહીને સામા પઘાકાર કે કોઈ બીજા કોઈપણ વ્યકિતને નોટીસની બજવણી કરશે. નોટીસની બજવણીની કબુલાતનામુ એ નોટીસ બજયાનો પુરાવો ગણાશે.

કલમનું વિવરણ :- આ કલમમાં અરજીની સુનવણીની તારીખની નોટીસની બજવણી વધુમાં વધુ બે દિવસમાં અથવા વધુ સમયની નામદાર કોર્ટે પરવાનગી આપી હોય તેટલા સમયમાં કેન્દ્ર સરકારે નકકી કરેલા નિયમોને આધીન રહીને તેની નોટીસની બજવણી કરશે અને આ નોટીસની બજવણી સંદર્ભેનું કબુલાતનામુ નોટીસ બજયા અંગેનો પુરાવો ગણાશે.

**કલમ ૧૪ : કાઉન્સેલીંગ**

(૧) મેજીસ્ટ્રેટ આ કાયદા અંતર્ગત કેસની ચાલુ કાર્યવાહીના કોઈપણ તબકકે ભોગ બનનાર વ્યકિત કે સામા પઘાકારને સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે સેવા પુરી પાડનાર સંસ્થાના સભ્યને પઘાકારોને કાઉન્સેલીંગ આપવા માટે સુચના આપે છે. સેવા પુરી પાડનાર આ સભ્યએ કેન્દ્ર સરકારે નકકી કરેલા નિયમોને આધીન સુનિશ્ચિત કરેલા લાયકાત, અનુભવો ધરાવતો હોવો જોઈએ.

(૨) જયારે મેજીસ્ટ્રેટ પઘાકારોને કાઉન્સેલીંગ આપવા માટેનો હુકમ કરે તો નામદાર કોર્ટે હીયરીંગ માટેની બીજી મુદત બે મહિના પછી રાખશે.

કલમનું વિવરણ :- વર્તમાનમાં કાઉન્સેલીંગ અને કન્સીલીએશન એટલે કે સમજાવટ અને સમાધાન આ બે પ્રકિયાઓને ખુબજ મહત્વ આપવામાં આવી રહેલ છે. વાસ્તવિક રીતે સમજાવટ એટલે કાઉન્સેલીંગની સમગૂ પ્રકિૃયા એ વ્યકિતને માનસિક રીતે સુચારુ રૂપથી વિધાયક દ્રષ્ટિકોણ સાથે કોઈ એક બાબત તરફ પૂરવા અર્થેની મનોવૈજ્ઞાનિક વ્યવસ્થા છે અને તેથી જ જેટલું સઘામ કાઉન્સેલીંગ તેટલો અસરકારક ન્યાય તે ઉકિત યથાર્થ છે.

અનુભવે એવું જાણવા મળે છે કે કૌટુંબિક તકરારો પતિ-પત્ની વચ્ચે વિખવાદ કે ખટરાગની સ્થિતિ અસરકારક કાઉન્સેલીંગથી નિવારી શકાય છે. કારણકે અધિકાંશ વિખવાદનું મૂળ સાચી સમજદારીનો અભાવ છે તેમજ આ પ્રકારનો વિખવાદ કયારેક સંવાદના અભાવના પરીણામે નિપજતો હોય છે અને આ સ્થિતિમાં તેવો લાગે છે કે કાઉન્સેલીંગની બાબત ખૂબ જ ઉપયોગી થશે.

વધુ મહિલા અત્યાચાર સંદર્ભેના કાયદાની માહિતી સાથે મળીએ આવતે અંકે...